Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# "ગ્રામીણ ગૃહિણીઓ પર ટી.વી. સીરીયલોની અસરો" એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

(સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના વિવિધ ગામડાઓને કેન્દ્રમાં રાખીને)

**બલાત અંકુર લલીતચંદ્ર**
**પીએચ.ડી. વિદ્યાર્થીની,**
**સમાજશાસ્ત્ર વિભાગ,**
**ગુજરાત યુનિવર્સિટી,**

**પ્રસ્તાવના**

સંશોધન એ એક પ્રક્રિયા છે. જેમાં પ્રથમ બિંદુથી શરૂ કરી અંતિમ બિંદુ સુધી વૈજ્ઞાનિક તબક્કાવાર ચાલતી પ્રક્રિયા છે. સમાજશાસ્ત્ર એ વિવિધ સામાજિક જીવન અને આંતરક્રિયાનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરે છે. વર્તમાન સમય સમાજમાં સ્ત્રીઓ અને તેમની ભૂમિકાઓને લગતા વિવિધ અભ્યાસો થતા જોવા મળે છે. સ્ત્રીઓ પણ સમાજનો અને કુટુંબનો એક અગત્યનો ભાગ છે. તેથી સ્ત્રીઓની ભૂમિકા, તેમની કાર્યશૈલી અને તેમનું જીવનધોરણ વગેરે કુટુંબ અને સમાજ ઉપર અસર કરે છે. વર્તમાન સમયે ગ્રામીણ સમુદાયમાં ઘરે-ઘરે ટી.વી. જોવા મળે છે. ટી.વી.થી ગ્રામીણ સમાજમાં ઘણી હકારાત્મક બાબતો અને નકારાત્મક બાબતો ઉત્પન્ન થયેલી જોવા મળે છે. ગ્રામીણ સ્ત્રીઓમાં ટી.વી. જોવાથી ઘણું બધું પરિવર્તન આવેલ છે. તેમજ ટી.વી. જોવાથી તેઓને જાણવા અને શીખવા મળ્યું છે. ગ્રામીણ સ્ત્રીઓ ટી.વી. જોવાથી તેમની ગૃહસ્થી કેવી રીતે ચલાવવી, સામાજિક રીત-રિવાજો, સાસુ-વહુના સંબંધો તેમજ દેશ અને વિદેશની વિવિધ ઘટનાઓની ગ્રામીણ સ્ત્રીઓ પર શું અસર થાય છે તે પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**સંશોધન પ્રશ્ન, સંશોધન પ્રશ્નની પસંદગી અને કારણો**

પ્રસ્તુત અભ્યાસમાં "ગ્રામીણ ગૃહિણીઓ પર ટી.વી. સીરીયલોની અસરો" એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના વિવિધ ગામડાઓને કેન્દ્રમાં રાખીને)

પ્રસ્તુત અભ્યાસની પસંદગી પાછળનું એક મહત્વનું કારણ એ છે કે વર્તમાન સમયે હું પોતે ગ્રામીણ સમુદાયમાં રહેતી હોવાથી ગ્રામીણ સ્ત્રીઓની ફુરસદના સમયની પ્રવૃત્તિઓ અને ગ્રામીણ ગૃહિણીમાં ટી.વી. સરીયીલોની શું અસર પડે છે તે તપાસવા માટે પ્રસ્તુત અભ્યાસ પસંદ કરેલ છે. ટી.વી. સીરીયલ જોવાથી ગ્રામીણ ગૃહિણીઓમાં તેમના ગૃહસ્થીમાં તેમના બાળકો પર કેવી અસર પડે છે વગેરે કારણોથી પ્રસ્તુત અભ્યાસ કરવાનું વિચાર્યું હતું. સાથે સાથે આધુનિક યુગમાં સમાજમાં નવી નવી સગવડોના કારણે પતિ-પત્ની તથા કૌટુંબિક સંઘર્ષમાં ટી.વી. સીરીયલોની કેટલા અંશે અસર જોવા મળે છે. તે તપાસવા માટે પ્રસ્તુત સંશોધન પ્રશ્નની પસંદગી કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં અપરણિત સ્ત્રીઓ પણ ગૃહિણી તરીકે ગણવામાં આવે છે. કેમ કે અપરણિત સ્ત્રીઓ અને ગૃહિણી જે ભૂમિકા નિભાવે છે તે બધી જ ભૂમિકાઓ આ ગૃહિણીઓ નિભાવે છે. માટે અપરણિત સ્ત્રીઓને પણ ગૃહિણી તરીકે ગણેલ છે.

**સંશોધનના હેતુઓ**

- ગ્રામીણ ગૃહિણીઓ પર ટી. વી. સીરીયલોની અસરો તપાસવી.
- ગ્રામીણ ગૃહિણીઓ ટી.વી. સીરીયલો જોવાથી તેમના જીવનમાં શું પરિવર્તન આવ્યું તે તપાસવું.
- ટી.વી. સીરીયલો જોવાથી તેમના બાળકો પર શું અસર થાય છે તે તપાસવું.

**અભ્યાસ પદ્ધતિ, પ્રયુક્તિ અને નિદર્શન**

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમાજના સંદર્ભમાં ગ્રામીણ ગૃહિણીઓ પર ટી.વી. સીરીયલોની અસરોની તેમજ તેમની ભૂમિકા તેમની સમસ્યાઓનું સમાજશાસ્ત્રીય અભ્યાસ દ્વારા તપાસવામાં આવી છે. કોઈપણ સંશોધનના યોગ્ય તારણો માટે યોગ્ય નિદર્શ પસંદ કરવું જરૂરી છે. તેને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધનમાં બિનસંભાવનાત્મક નિદર્શનમાં હેતુપૂર્વક અને ઉપલબ્ધ નિદર્શન પ્રયુક્તિનો ઉપયોગ કરીને હિંમતનગર તાલુકાના આજુબાજુના વિસ્તારમાં 11 ગામડાઓ પસંદ કરી તે ગામમાંથી જુદી જુદી 110 ગ્રામીણ મહિલાઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી છે અને તેના દ્વારા મેળવેલ માહિતીના આધારે પ્રસ્તુત સંશોધન વિષય પર અભ્યાસ કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતીની સંશોધનના હેતુ અનુસાર ઉપયોગ કરી પ્રસ્તુત સંશોધનકાર્ય કરવામાં આવ્યું છે. પ્રસ્તુત અભ્યાસ ફેબ્રુઆરી-2016 થી મે-2016ના સમયગાળા દરમ્યાન મુલાકાત અનુસૂચિના માધ્યમથી માહિતી એકત્ર કરેલ છે.

**અભ્યાસનું મહત્વ**

ગૃહિણીઓ પર થતી ટી.વી. સીરીયલોની નકારાત્મક વિચારસરણીને રોકવા અને હકારાત્મકતા વધારવા માટે પ્રસ્તુત અભ્યાસનું મહત્વ રહેલું છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓમાં પરિવર્તનનું પ્રમાણ વધારે જોવા મળે છે. તે ઉપરાંત ટી.વી. સીરીયલ જોવાથી ગ્રામીણ સ્ત્રીઓમાં સશક્તિકરણ થયેલું જોવા મળે છે. તેમજ ગ્રામીણ સ્ત્રીઓ ઉપર ટી.વી. સીરીયલોની હકારાત્મક અને નકારાત્મક અસરોને જાણવા માટે પ્રસ્તુત અભ્યાસનું મહત્વ રહેલું છે. તેમજ ગ્રામીણ સ્ત્રીઓ 21મી સદીમાં આધુનિક અને સશક્ત બની છે તે જાણવા પ્રસ્તુત અભ્યાસનું મહત્વ રહેલું છે.

**અભ્યાસની મર્યાદા**

પ્રસ્તુત સંશોધનમાં સમય અને નાણાની મર્યાદા જોવા મળે છે. પ્રસ્તુત સંશોધન એ માત્ર મર્યાદિતક્ષેત્ર એટલે કે નાના પાયાનું છે. પ્રસ્તુત સંશોધન ગ્રામીણ સમુદાયની સ્ત્રીઓ પર જ લાગુ કરી શકાય છે.

**અભ્યાસના તારણો**

સામાજિક વિજ્ઞાનમાં સંશોધન પ્રશ્ન સંશોધન વિસ્તાર સાથે ઉત્તરદાતની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય બાબતોને સમજવી અનિવાર્ય બાબત છે. ઉત્તરદાતાઓની ઉપરોક્ત માહિતીના આધારે પ્રસ્તુત સંશોધનની સમજ પ્રાપ્ત કરી શકાય છે. સંશોધનમાં જુદા જુદા પરિવર્ત્યો વચ્ચે કાર્યકારણ સંબંધ સ્પષ્ટ કરવો અનિવાર્ય છે. પ્રસ્તુત સંશોધનમાં ગ્રામીણ ગૃહિણીઓ પર ટી. વી. સીરીયલોની અસરને સમજવા માટે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરને કેન્દ્રમાં રાખીને કુલ 11 ગામમાંથી 110 ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્ર કરેલ છે. જેના આધારે નીચે મુજબની માહિતી મેળવેલ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં સૌથી વધુ 47.28% ઓપન કેટેગરીના ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે સૌથી ઓછા 4.54% અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓ જોવા મળે છે. 12.72% અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓ અને 35.46% બક્ષીપંચ જ્ઞાતિના ઉત્તરદાતાઓ જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓની ઉંમર તપાસતા સૌથી વધુ 42.62% ઉત્તરદાતા 18 થી 30 વર્ષની વયજૂથના છે. જ્યારે સૌથી ઓછા 61 થી વધુ વય ધરાવતા 1.82% ઉત્તરદાતાઓ છે. 31 થી 40 વર્ષની વયજૂથના 30.90% ઉત્તરદાતાઓ છે. 11 થી 17 વર્ષની વયજૂથના 11.82% ઉત્તરદાતાઓ છે. 41 થી 60 વર્ષની વયજૂથના 9.10% ઉત્તરદાતાઓ અને 51 થી 60 વર્ષની વયજૂથના 3.74% ઉત્તરદાતાઓ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં 90% ઉત્તરદાતાઓ હિન્દુ ધર્મ પાળતા જોવા મળે છે. જ્યારે 10% ઉત્તરદાતાઓ મુસ્લિમ ધર્મ પાળતા જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ રહેઠાણનો વિસ્તાર તપાસતા સૌથી વધુ 23.63% ઉત્તરદાતાઓ કાનડા ગામના જોવા મળે છે. જ્યારે 0.90% ઉત્તરદાતાઓ લક્ષ્મીપુરા ગામના જોવા મળે છે. પ્રેમપુર ગામના 16.36% ઉત્તરદાતાઓ અને 11.83% ઉત્તરદાતાઓ મુનપુર ગામના જોવા મળે છે. હિંમતનગર ગામનાં 8.18% ઉત્તરદાતાઓ છે. ઈલોલ ગામનાં 4.54% ઉત્તરદાતાઓ જોવા મળે છે. 9.10% ઉત્તરદાતાઓ કિશોરગઢ ગામના અને 4.54% હાજીપુર ગામનાં છે. પેથાપુર ગામના 2.72%, તાજપુરી ગામનાં 1.83% ઉત્તરદાતાઓ અને 1.83% ઉત્તરદાતાઓ દાવડ ગામનાં ઉત્તરદાતાઓ જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો તપાસતા 75.46% ઉત્તરદાતાઓ પરણિત છે. જ્યારે 24.54% ઉત્તરદાતાઓ અપરણિત છે.
- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાઓનું શિક્ષણ તપાસતા 2.72% ઉત્તરદાતાઓ નિરક્ષર છે. 17.27% ઉત્તરદાતાઓ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. 22.72% ઉત્તરદાતાઓ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. 25.45% ઉત્તરદાતાઓ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. 20% ઉત્તરદાતાઓ સ્નાતકકક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે 6.36% ઉત્તરદાતાઓ અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. જ્યારે 0.90% ઉત્તરદાતાઓ એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 3.63% ઉત્તરદાતાઓ બી.એડ્. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 0.90% ઉત્તરદાતાઓ સીવીલ એન્જિનીયરીંગ સુધીનું શિક્ષણ મેળવેલ છે.
- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાઓને કયા સમયે સીરીયલો જોવો છો ? તેના જવાબમાં સૌથી વધુ 60% ઉત્તરદાતાઓ રાત્રીના સમયે ટી. વી. સીરીયલો જોવે છે. 17.27% ઉત્તરદાતાઓ બપોરના સમયે ટી. વી. સીરીયલો જોવાનું પસંદ કરે છે. 12.72% ઉત્તરદાતાઓ સાંજના સમયે ટી. વી. સીરીયલો જોવાનું પસંદ કરે છે. 2.72% ઉત્તરદાતાઓના મતે બપોર અને રાત્રીના સમયે ટી. વી. સીરીયલો જોવાનું પસંદ કરે છે. 2.72% ઉત્તરદાતાઓ બપોર, સાંજે, રાત્રે એમ ત્રણ ટાઈમ જ્યારે પણ સમય મળે ત્યારે ટી. વી. સીરીયલો જોવે છે. જ્યારે 1.81% ઉત્તરદાતાઓ સવારમાં ટી. વી. સીરીયલો જોવે છે. 0.90% ઉત્તરદાતાઓ સવારે અને રાત્રે ટી. વી. સીરીયલો જોવે છે. 0.90% ઉત્તરદાતાઓ બપોર અને સાંજે ટી. વી. સીરીયલો જોવે છે. આમ ગૃહિણીઓ પોતાના નવરાશના સમયે ટી. વી. સીરીયલો જોવે છે.

- પ્રસ્તુત સંશોધનમાં ગૃહિણીઓ રોજ કેટલી સીરીયલો જોવે છે તેની વિગતો તપાસતા 29.09% ઉત્તરદાતાઓ રોજ 1 સીરીયલ જોવે છે. 32.22% ઉત્તરદાતાઓ રોજની બે સીરીયલો જોવે છે. 28.18% ઉત્તરદાતાઓ ત્રણ સીરીયલો જોવે છે. 3.63% ઉત્તરદાતાઓ 4 સીરીયલો રોજ જોવે છે. 2.72% ઉત્તરદાતાઓ 5 સીરીયલો જોવે છે. 03.63% ઉત્તરદાતાઓ 2 થી 3 સીરીયલો જોવે છે. ગ્રામીણ ગૃહિણીઓ ટી. વી. સીરીયલો પાછળ બહુ સમય બગાડતી નથી કેમ કે તેમને ખેતી તેમજ બીજા કામોમાં દિવસનો મોટાભાગનો સમય પસાર થઈ જાય છે. બીજુ એ પણ છે કે મોટાભાગે ઘરમાં પુરૂષ સભ્યોના હાથમાં રીમોટ હોવાથી ગૃહિણીઓની પસંદગીની સીરીયલો જોવા મળતી નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 53.63% ઉત્તરદાતાઓમાં ઘરે કેબલ છે જ્યારે 46.37% ઉત્તરદાતાઓના ઘરે ડીશ ટી. વી. જોવા મળે છે. તેમાં 2 ઉત્તરદાતાઓના ઘરે ટાટા સ્કાય, 07 ઉત્તરદાતાઓના ઘરે વીડીઓકોન, 10 ઉત્તરદાતાઓના ઘરે એરટેલ, 01 ઉત્તરદાતાના ઘરે કોરીઆ, 06 ઉત્તરદાતાઓના ઘરે ડીશ ટી. વી., 25 ઉત્તરદાતાઓના ઘરે જીટીપીએલની ડીશ ટી. વી. જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ કેવા પ્રકારની સીરીયલ જોવી ગમે છે. તેની વિગતો તપાસતા સૌથી વધુ 46.63% ઉત્તરદાતાઓ સામાજિક સીરીયલ જોવાનું પસંદ કરે છે. 26.36% ઉત્તરદાતાઓ સાસુ-વહુની સીરીયલો, 18.18% ઉત્તરદાતાઓ ધાર્મિક સીરીયલો, 10.90% ઉત્તરદાતાઓ ક્રાઈમ-શો અને 0.90% ઉત્તરદાતાઓ અન્ય પ્રકારની સીરીયલો જોવાનું પસંદ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં તમે કઈ ચેનલ પર વધુ સીરીયલ જોવો છો તેની વિગતો તપાસતા સૌથી વધુ 30.90% ઉત્તરદાતાઓ સ્ટાર પ્લસ ચેનલ પર સીરીયલ જોવે છે. 11.82% ઝી ટી. વી., 10.01 સબ ટી. વી., 5.46% સોની ટી. વી., 5.46% કલર્સ ટી. વી., 2.73% સ્ટાર ઉત્સવ, 1.82% ઝી અનમોલ, 0.90% આસ્થા ચેનલ, 2.73% ડબલ્યુ આઈ એન, 6.36% લાઈફ ઓકે, 2.73% લાઈફ ઓકે અને કલર્સ, 2.63% સબ ટીવી અને લાઈફ ઓકે, 3.64% ઝી ટીવી અને સ્ટાર પ્લસ, 2.73% સ્ટાર પ્લસ અને સબ ટીવી, 0.90% સોની અને સ્ટાર પ્લસ, 4.56% ઝી ટીવી, સોની, સ્ટાર પ્લસ, કલર્સ, 2.73% સોની, સબ, સ્ટાર પ્લસ, ઝી ટીવી, 0.90% એમ.ટી.વી., સ્ટાર પ્લસ બીન્ડ સીરીયલો જોવે છે. જ્યારે સૌથી ઓછું ડીડી નેશનલ 0.90% ગૃહિણીઓ જોવે છે.

- પ્રસ્તુત અભ્યાસમાં કઈ સીરીયલ નિયમિત જોવે છો તેની વિગતો તપાસતા 2 ઉત્તરદાતાઓ ઈશ્કબાજ સીરીયલ જોવે છે. 05 ઉત્તરદાતાઓ ઉડાન સીરીયલ જોવે છે, 05 ઉત્તરદાતાઓ યે હૈ મહોબ્બતે સીરીયલ જોવે છે. 04 ઉત્તરદાતાઓ સીયા કે રામ સીરીયલ જોવે છે, 06 ઉત્તરદાતાઓ દીયા ઔર બાતી સીરીયલ જોવે છે. 04 ઉત્તરદાતાઓ સાવધાન ઈન્ડિયા સીરીયલ જોવે છે. 02 ઉત્તરદાતાઓ સીઆઈડી સીરીયલ જોવે છે. 09 ઉત્તરદાતાઓ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલ જોવે છે. 11 ઉત્તરદાતાઓ સાથ નિભાના સાથિયા સીરીયલ જોવે છે. 05 ઉત્તરદાતાઓ કુમકુમ ભાગ્ય સીરીયલ જોવે છે. 02 ઉત્તરદાતાઓ કસમ તેરે પ્યાર કી સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા સસુરાલ સિમર કા જોવે છે. 02 ઉત્તરદાતાઓ ટશન એ ઈશ્ક સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા જોધા અકબર સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતાઓ પવિત્ર રિશ્તા સીરીયલ જોવે છે, 01 ઉત્તરદાતા જમાઈરાજા સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા ચક્રવર્તી સમ્રાટ અશોક સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા સુહાની સી એક લડકી સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતાઓ એક રિશ્તા સાજેદાર કા જોવે છે, 01 ઉત્તરદાતા ભારત કા વીર પુત્ર મહારાણા પ્રતાપ સીરીયલ જોવે છે, 02 ઉત્તરદાતાઓ કુમકુમ ભાગ્ય અને યે રિશ્યા ક્યા કહેલાતા હૈ સીરીયલ જોવે છે, 01 ઉત્તરદાતા રામાયણ અને ક્રિષ્ના સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા સાથ નિભાના સાથિયા અને નાગિન સીરીયલ જોવે છે, 01 ઉત્તરદાતા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા અને સાવધાન ઈન્ડિયા સીરીયલ જોવે છે, 02 ઉત્તરદાતાઓ સી.આઈ.ડી. અને સાવધાન ઈન્ડિયા સીરીયલ જોવે છે, 01 ઉત્તરદાતા સાથ નિભાના સાથિયા અને કુમ કુમ ભાગ્ય સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતાઓ કુમકુમ ભાગ્ય અને ઈશ્કબાજ સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતાઓ જમાઈરાજા અને યે વાદા રહા સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા ક્રાઈમ પેટ્રોલ, સી.આઈ.ડી. સીરીયલ જોવે છે, 01 ઉત્તરદાતા જમાઈ રાજા અને કુમકુમ ભાગ્ય સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા માસા અલ્લાહ ઉર્દૂ સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા યે રિશ્તા ક્યા કહેલાતા હૈ સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા સિયા કે રામ, દિયા ઔર બાતી સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાતા સાવધાન ઈન્ડિયા અને ઉડાન સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતા કુમકુમ ભાગ્ય અને સાવધાન ઈન્ડિયા સીરીયલ જોવે છે. 01 ઉત્તરદાત બાલ હનુમાન અને તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતા કુમકુમ ભાગ્ય અને એક થા રાજા એક થી રાની સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા અને દિયા ઔર બાતી સીરીયલો જોવે છે, 01 ઉત્તરદાતા સી.આઈ.ડી. અને ચિડિયાઘર

સીરીયલો જોવે છે. 02 ઉત્તરદાતાઓ સાવધાન ઈન્ડિયા, ઉડાન અને સાથ નિભાના સાથિયા સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતા રામાયણ, હનુમાન અને માં વૈષ્ણવદૈવી સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતાઓ યે રિશ્યા ક્યા કહેલાતા હૈ, સાથ નિભાના સાથિયા અને તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતા કુમકુમ ભાગ્ય, યે રિશ્તા ક્યા કહેલાતા હૈ અને ઈશ્કબાજ સીરીયલ જોવે છે, 01 ઉત્તરદાતા ઈશ્કબાજ, સુહાની સી એક લકડી, સાથ નિભાના સાથિયા, સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતાઓ માસા અલ્લાહ જીંદગી, જસ્ટ ફોર હિન્દ, ઉડાન સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતા જમાઈરાજા, ડાન્સપ્લસ અને ચક્રવર્તી સમ્રાટ અશોક સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતાઓ સીયા કે રામ, જમાઈ રાજા અને કુમકુમ ભાગ્ય સીરીયલો જોવે છે. 01 ઉત્તરદાતાઓ યે રિશ્યા ક્યા કહેલાતા હૈ, યે આશિકી કૈસી હૈ, ચારિયા સીરીયલો જોવે છે.

- સીરીયલો જોવાથી તમારા ઘરમાં કોઈ ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ છે તેની વિગતો તપાસતા 2.72% ઉત્તરદાતાના ઘરમાં સીરીયલોના લીધે ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ છે. જ્યારે 97.27% ઉત્તરદાતાઓના ઘરમાં સીરીયલો જોવાથી કોઈ ખરાબ પરિસ્થિતિ જોવા મળતી નથી.
- ટી. વી. સીરીયલોના કારણે ગૃહિણીઓ સમયસર તેમનાં ઘરનાં કામો કરી શકે છે. તેને વિગતો જોતા 14.54% ઉત્તરદાતાઓને ટી. વી. સીરીયલોનાં લીધે સમયસર ઘરનાં કામ થતા નથી. જ્યારે 85.45% ઉત્તરદાતાઓ ઘરનાં કામ સમયસર કરી શકે છે.
- ટી. વી. સીરીયલો જોવાના કારણે બાળકોનાં અભ્યાસ સાથે કોમ્પ્રોમાઈઝ કરો છો તેની વિગતો તપાસતા 60% ઉત્તરદાતા બાળકોનાં અભ્યાસ સાથે કોમ્પ્રોમાઈઝ કરતા નથી. જ્યારે 24.54% ગૃહિણીઓ ટી. વી. સીરીયલો જોવા માટે બાળકોનાં અભ્યાસ સાથે કોમ્પ્રોમાઈઝ કરે છે. જ્યારે 15.45% ગૃહિણીઓ કોઈ જવાબ આપતી નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં સીરીયલો જોવાથી તમારા વર્તનમાં કોઈ ફેરફાર આવ્યો છે તેની વિગતો તપાસતા 49.10% ઉત્તરદાતાઓને વર્તનમાં ફેરફારો જોવા મળે છે. જ્યારે 50.90% ઉત્તરદાતાઓના વર્તનમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 20% ઉત્તરદાતાઓના મતે સીરીયલો જોવાને કારણે તેમનાં સામાજિક સંબંધોમાં તિરાડ ઊભી થવાની શક્યતા છે. જ્યારે 80% ઉત્તરદાતાના મતે સીરીયલો જોવાની તેમના સામાજિક સંબંધો પર કોઈ અસર જોવા મળતી નથી.

- પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળે છે કે 51.81% ગૃહિણીઓ સીરીયલોનાં કારણે તેમની માંગ કે ભૌતિક સુવિધાઓ વધી જાય છે. જ્યારે 48.18% ગૃહિણીઓના મતે સીરીયલો જોવાથી તેમની માંગ કે ભૌતિક સુવિધામાં કોઈ વધારો થયેલ નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 22.72% ગૃહિણીઓ પોતાના કામના ભોગે પણ સીરીયલો જોવાનું પસંદ કરે છે. જ્યારે 77.28% ગૃહિણીઓ માટે પહેલા તેમનું કામ ત્યારબાદ સીરીયલો જોવે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 88.18% ઉત્તરદાતાઓનાં ઘરનાં બીજા સભ્યો પણ ટી. વી. સીરીયલો જોવાનું પસંદ કરે છે. જ્યારે 11.82% ઉત્તરદાતાઓનાં ઘરનાં અન્ય સભ્યો સીરીયલો જોવાનું પસંદ કરતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 15.45% ગૃહિણીઓને ટી. વી. સીરીયલો અને સીરીયલો જોવાના કારણે પતિ-પત્ની વચ્ચે ઝઘડા થાય છે. જ્યારે 77.27% ગૃહિણીઓને ટી. વી. સીરીયલ કે સીરીયલો જોવાના લીધે ઝઘડા થતા નથી જ્યારે 7.28% ઉત્તરદાતાઓ જવાબ આપતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 33.64% ઉત્તરદાતાઓનાં મતે સીરીયલો જોવાથી તેમનાં બાળકો પર ખરાબ અસરો પડે છે. જ્યારે 54.55 ઉત્તરદાતાઓના મતે સીરીયલોની તેમના બાળકો પર સારી અસર જોવા મળે છે. જ્યારે 71.81% ઉત્તરદાતાઓ કોઈ જવાબ આપતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 26.37% ગૃહિણીઓ માને છે કે વર્તમાન સમયે સીરીયલોમાં પુરૂષની તુલનામાં સ્ત્રીઓ નીચો બતાવવામાં આવે છે. જ્યારે 73.63% ગૃહિણીઓ માને છે કે વર્તમાન સમયે સીરીયલોમાં સ્ત્રીઓનો દરજ્જો પુરૂષની તુલનામાં ઊંચો જોવા મળે છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં ગ્રામીણ ગૃહિણીઓ પર ટી. વી. સીરીયલોની શું અસર થાય છે તે જાણવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામીણ સ્ત્રીઓ પર ટી. વી. સીરીયલોની હકારાત્મક અને નકારાત્મક અસર થયેલી જોવા મળે છે. ટી. વી. સીરીયલોના કારણે સ્ત્રીઓને કૌટુંબિક અને સામાજિક બાબતોમાં મદદ મળે છે. સાથે સાથે ઘણીવાર ટી. વી. સીરીયલોના લીધે ઘરમાં કંકાશ થતો જોવા મળે છે. આમ પ્રસ્તુત સંશોધન દ્વારા વર્તમાન સમયે ટી. વી. સીરીયલોના લીધે જે અસર થાય છે તેની ચર્ચા કરવામાં આવી છે.

## સંદર્ભ સૂચિ


- એ. આર. શાહ (2004) 'ભારતીય ગ્રામીણ સમાજશાસ્ત્ર' રાવલ પબ્લિકેશન, દિલ્હી.
- કલ્પના શાહ (1989), 'સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- ચંદ્રિકા રાવલ (2010) 'જેન્ડર અને સમાજ' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
- નિરા દેસાઈ (1963) 'ભારતમાં સ્ત્રીઓનો પલટાતો દરજ્જો' આર. આર. શેઠની કંપની, મુંબઈ.
- વિમલ શાહ (1988) 'સંશોધન અહેવાલ લેખન' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- વિમલ શાહ (1990) 'સંશોધન ડિઝાઈન યુનિવર્સિટી' ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- હર્ષિદા દવે (1999) 'આદિવાસી મહિલા અને વિકાસ' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.